૯૦

મહિલા ભિક્ષુક ગૃહ, ડભોડા, ગાંધીનગરના જૂના જર્જરિત મકાનો ઉતારી પાડવાની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૭/૨૭૫૭૫૬/નબા/છ

સચિવાલય, ગાંધીનગર

તારીખ:-૦૫/૧૦/૨૦૨૦

## વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૦૫/૦૫/૨૦૧૭ના પત્ર ક્રમાંક:- સસુખા/બકમ/૧૭-૧૮/૪૬

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૦૮/૦૮/૨૦૧૭ના પત્ર ક્રમાંક:- સસુખા/યજન/બકમ/૧૭-૧૮/૧૬૪

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૧૦/૦૬/૨૦૨૦ના પત્ર ક્રમાંક:- સસુખા/યજન/બકમ/૨૦૨૦-૨૧/૨૪

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૦૩/૦૯/૨૦૨૦ના પત્ર ક્રમાંક:- સસુખા/યજન/બકમ/૨૦૨૦-૨૧/૬૪

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૦૫/૦૯/૨૦૨૦ના પત્ર ક્રમાંક:- સસુખા/યજન/બકમ/૨૦૨૦-૨૧/૭૧

## પ્રસ્તાવના:-

નિયામક, સમાજ સુરક્ષા ખાતા સંચાલિત મહિલા ભિક્ષુક ગૃહ, ડભોડા, ગાંધીનગર ની સંસ્થા કાર્યરત છે. મહિલા ભિક્ષુક ગૃહ, ડભોડા, ગાંધીનગર ખાતેના ભિક્ષુક ગૃહની સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ માટેના હયાત ક્વાર્ટસ ખુબ જ જૂના અને જર્જરીત થઇ ગયેલ છે. મહિલા ભિક્ષુક ગૃહ, ડભોડાના મકાન બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગની બજેટ બુકમાં રૂ. ૬૫.૪૬ લાખની જોગવાઈ થયેલ છે. નિયામકશ્રી(સ.સુ)એ વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા. ૦૫/૦૫/૨૦૧૭ના પત્રથી ખુબ જ જૂના અને જર્જરીત થઇ ગયેલ મહિલા ભિક્ષુક ગૃહ, ડભોડાના મકાન ઉતારી પાડી નવા બાંધકામ માટેની દરખાસ્ત કરેલ હતી. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરની તા. ૦૫/૦૫/૨૦૧૭ની દરખાસ્તના અનુંસધાને વિભાગની બજેટ બુકમાં સદરહુ બાબતે રૂ. ૬૫.૪૬ લાખની થયેલ જોગવાઇને ધ્યાને લઇ મહિલા ભિક્ષુક ગૃહ, ડભોડા, ગાંધીનગરના મકાનો ઉતારી પાડી નવા બાંધકામ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૯/૦૯/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelpc

( ડી. સી. પટેલ )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂં.
- સિલેક્ટ ફાઇલ